# આ તો જોવા જેવી થઈ



થઈ
આ તો જોવા જેવી થઈ
નાચો તા-તા- થૈ
આ તો જોવા જેવી થઈ

મામા ક્યાં છે? મામી ક્યાં છે?
કાકા ક્યાં છે? કાકી ક્યાં છે?
કૂવાને મૂકીને આવ્યાં કેમ એકલાં કૈ!
આ તો જોવા જેવી થઈ



વાત કરે છે ઘરની બિલ્લી
મોતીને જાવું તું દિલ્લી

ખોટી ગાડીમાં બેઠો ને પહોંચી ગય મુંબઈ!
થઈ
આ તો જોવા જેવી થઈ



ક્લાસરૂમમાં ટીચર આવ્યા
પુસ્તક- ડસ્ટર- નકશો લાવ્યા
ઓડિશાના નક્શામાં એ શોધે છે ચેન્નઈ!

થઈ
આ તો જોવા જેવી થઈ

'ભિક્ષા દે દો હમકુ મૈયા'
'દઉં છું, બાપુ! કરો ખમૈયા! '

દાઢી- મૂછો ઊડી હવામાં: નીકળ્યા અક્ષત ભૈ
થઈ
આ તો જોવા જેવી થઈ!
મમ્મી દોડી ધોકો લઈ!
આ તો જોવા જેવી થઈ!

*04/09/2012 મંગળ*



# આ તો કેવી નવાઈ!



ભાઈ ભાઈ ભાઈ આ તો કેવી નવાઈ!
ભાઈ.

રાત આખી આભમાંથી વરસ્યો વરસાદ
સીમ જુઓ આપણને પાડે છે સાદ

વ્હેતી છલકાઈ, નદી વ્હેતી છલકાઈ!
ભાઈ.

દેડકો પાણીમાં કરે છપ- છપ- છપ્પ
હોઠે માંડ્યો શું એણે કોફીનો કપ્પ!

એવું એવું કાનમાં અમને સંભળાય!
ભાઈ.




અક્ષત કહે છેઃ અલ્યા, જાઓ છો ક્યાં?
ધોધ પેલો ખાબકે છે, જાવું છે ત્યાં

હમણાં એમ ખાલી ખાલી ઘેર ન જવાય
ધૂબાકા ખાઈને રાજી થવાય
ભાઈ.

*22/09/2012 શનિ*

આ તો જોવા જેવી થઈ!


# કૂદમકૂદા




કૂદમકૂદા
કૂદમકૂદા
માઘભાઈનું કૂદમકૂદા!

ડાળે ડાળે બાગબગીચે
રંગબેરગી ફૂલો હીંચે
માઘભાઈ ના સ્હેજે રુએ
અહીંયાં જુએ, ત્યાં પણ જુએ

જુએ.... ઉડ ઉડ કરતાં કૂદાં
માઘભાઈનું કૂદમકૂદા!



ફરવા આવ્યાં મમ્મી- પપ્પા
તમેય આવો ગણપતિબપ્પા



થાક્યાપાક્યા નદીએ નાશું
તમને ગમતા લાડુ ખાશું

લેશું કુલ્ફી ને ફાલુદા!
માઘભાઈનું કૂદમકૂદા!

આ તો જોવા જેવી થઈ!




આવો આવો પોપટ-મેના
ખિસકોલી ને ચકલીબેના
ખીણ અને ડુંગરમાં રમશું
જંગલ ને ઝાડીમાં ફરશું

પડશું કદી ન જુદાં
માધભાઈનું કૂદમકૂદા!


*13/03/2015 શુક્ર*







આ તો જોવા જેવી થઈ!



# ચાલો સહુ ફરવાને



ઘર છોડી ચાલો સહુ ફરવાને બહાર
સ્કૂલે નથી જાવાનુંઃ છે આજે રવિવાર

ઝાડભાઈ! ઝાડભાઈ! ખુશ મારી ટોળી
તમે આપ્યાં ફૂલ અને અમે ઊઠ્યા કોળી

નદીબેન! નદીબેન! રાતદિન વહો
માછલીને સૌની સાથે રમવાનું કહો

કાગા! કાગા! સંભળાવ જંગલની વાત
સસ્સાભાઈ! દેશું તને ઢેબરાંઓ સાત


વાનરજી કરો તમે ડાળે હુપ્પાહુપ્પ
બીકથી ના પંખીડાં કે અમે રે'શું ચુપ્પ

સીમની આ કેડીઓમાં થાશું હવે ગૂમ
કોણ રોકે! દોસ્તો, કરો ચાલો, બૂમાબૂમ



*03/03/2015 શુક્ર*

# પતંગિયું આ આવ્યું



મમ્મી! ઘરની અંદર જોને, પતંગિયું આ આવ્યું
નથી એકલું, બીજું એની સાથે કૈં- કૈં લાવ્યું

સવારમાં બારી ખોલી ત્યાં અંધારું થયું ગૂમ
ઝાંઝર પહેરી નાચણચકલી કરતી છૂમકછૂમ

બુલબુલબેને ચાંચ ઉઘાડી ગીત મજાનું ગાયું
મમ્મી! ઘરની અંદર..

ગીત સાંભળી સૂરજદાદા કિરણો લઈને આવ્યા
સાત સાત ઘોડાના રથમાં અજવાળાં પણ લાવ્યા

'જલદી જલદી નાહી લે તું!' - એમ મને સમજાવ્યું
મમ્મી! ઘરની અંદર..

દહીં-ભાખરી ખાઈને હું બેસું દફતર લઈને
અને આંગળી ચીંધીને મેં કીધું ગોરજફઈને:




રંગબેરંગી ફૂલોએ આ ફળિયાને મહેકાવ્યું

મમ્મી! ઘરની અંદર..

*26-12-2016 / સોમ*

# વહાલા પતંગિયા*



તું ઘરઘર રમવા આવ કે વહાલા પતંગિયા
હું પહેલાં આપીશ દાવ કે વહાલા પતંગિયા

આ ખુલ્લી આખી સીમ કે વહાલા પતંગિયા
આ પૂરવથી પશ્ચિમ કે વહાલા પતંગિયા

તારી રંગરંગની પાંખ કે વહાલા પતંગિયા
મારી જોતાં ઠરતી આંખ કે વહાલા પતંગિયા

તું મારા ખભ્ભે બેસ કે વહાલા પતંગિયા
નહિ લાગે લગીરે ઠેશ કે વહાલા પતંગિયા

મને દોસ્તો ગમતા બહુ કે વહાલા પતંગિયા
તને આવ, કાનમાં કહું કે વહાલા પતંગિયા

અમને મજા પડી કૈં એમ કે વહાલા પતંગિયા
એની વાતો કહેવી કેમ? કે વહાલા પતંગિયા




કરજે તું યે ઉડાઊડ કે વહાલા પતંગિયા
સાથે કરશું કૂદાકૂદ કે કે વહાલા પતંગિયા

*26/10/2019 / શનિ*

** 'તું ઘર ઘર રમવા આવ મજાની ખિસકોલી'ના લયમાં, કવિ મહેન્દ્ર જોશીનો ઋણસ્વીકાર.*

# ટમેટું



(એક બાળક બોલશે, બીજાં 'ટમેટું' કહીને ઝીલશે)

ટમેટું રે ટમેટું
ઓરુું છે : એ ક્યાં છે છેટું- ટમેટું!

પપ્પા લાવ્યા! - ટમેટું!
આવ જો, કાવ્યા! - ટમેટું!

થેલી ખોલી- ટમેટું
યાત્રા બોલી- ટમેટું

લાલંલાલ- ટમેટું
જાણે બિટ્ટુના હો ગાલ- ટમેટું

રાતું લીલું- ટમેટું
જોને બિલ્લુ! - ટમેટું!

ખાટું- મીઠું- ટમેટું
સૌએ દીઠું- ટમેટું



દાંત નીચે તું સહેજ દબાવ- ટમેટું
કપડાં પર એ લેશે દાવ- ટમેટું

ધાણાજીરું, નમક તું છાંટ- ટમેટું
મીઠું પોપટ જુએ છે વાટ- ટમેટું


કોને કોને કહો, ન ભાવે? - ટમેટું
મોંમાં એ તો પાણી લાવે - ટમેટું

રમશે, ભમશે- ટમેટું
દડબડ દડશે- ટમેટું

ટેબલ પાછળ જાય લપાતું- ટમેટું
છીંક, બગાસાં કદી ન ખાતું- ટમેટું

રાજી કેવું આજ કરે છે- ટમેટું
ઘરમાં જુઓ, રાજ કરે છે- ટમેટું

*31-3-2022* ગુરુ



# ફટ્ટ હું ભાગી જાઉં



મમ્મી મને મારવા દોડે, ફટ્ટ હું ભાગી જાઉં
બંદો હસે, મમ્મી હસેઃ એમ નહીં પકડાઉં

મમ્મીના તો હાથમાં સોટી
બંદા પાસે હોય લખોટી



એ તો ભારે ખીજ કરે છે તો ય હું ના અકળાઉં
મમ્મી મને મારવા દોડે, ફટ્ટ હું ભાગી જાઉં



ઘડીક હું રહી જાઉં છું ઊભો
કેમ કરીને મારીશ ધુંબો!

ક્યારેક હું સંતાઈ જતો ને ક્યારેક હું દેખાઉં
બંદો હસે, મમ્મી હસે, એમ નહીં પકડાઉં

‘કશું ન કરીશ લાડકા રાજા’
બોલીઃ ‘રહેશું તાજાં માજાં

સોસની સાથે ગરમાગરમ આપીશ વડાપાઉં’
બદો હસે, મમ્મી હસે, ક્યાંય ના ભાગી જાઉં

*31/03/2022 ગુરુ*